# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૩ તા.૧-૭-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- મધ્યાહન ભોજન મોકલવા અંગેનો સમય બદલવા બાબતે.**

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તમારી શાળામાં મધ્યાહન ભોજન આપવામાં મધ્યાહન ભોજન અંગેનાં અત્રેની કચેરી દ્વારા કરવામાં આવતા પરિપત્રોનું ચુસ્તપણે પાલન થતું હશે જ.

નવા શૈક્ષણિક સત્રથી કેટલીક મ્યુનિ. શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. આથી મધ્યાહન ભોજન રિસેશના સમયે આપવાનું હોવાથી મધ્યાહ્ન ભોજન મોકલવાનો સમય નીચે મુજબ કરવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને ગરમ, પૌષ્ટિક ભોજન સમયસર મળી રહે.

| | | |
|---|---|---|
| ૧. સવારપાળીનો સમય | : | ૭.૨૦ થી ૧૨.૩૦ |
| ભોજન મોકલવાનો સમય | : | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક વચ્ચે |
| ૨. બપોરપાળીનો સમય | : | ૧૨.૩૦ થી ૫.૩૦ |
| | : | ૧૧.૦૦ થી ૫.૦૦ |
| ભોજન મોકલવાનો સમય | : | બપોરે ૧.૦૦ થી ૨.૦૦ કલાક વચ્ચે |

શનિવારના દિવસે રિસેશના સમય પહેલાં જે-તે ભોજન આપતી સંસ્થા પાસેથી ભોજન મંગાવી લેવાનું રહેશે.

આ બાબતની નોંધ વાલીઓ તથા વિદ્યાર્થીઓને કરવી. શરૂઆતના તબકકે બંને સંસ્થાઓને આ બાબતે મુખ્ય શિક્ષકશ્રીએ સહકાર આપવો.

તા. ૧- ૭-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી